# ૪૦૦ કરોડના કૌભાંડમાં મંત્રી પુરુષોત્તમ સોલંકી વિરુદ્ધ હાઈકોર્ટમાં સુનાવણી શરુ

અમદાવાદ,તા.૧૦

ગુજરાત રાજયના મત્સ્યઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ સોલંકી દ્વારા પોતાના વિરુદ્ધ ઈશ્યુ કરવામાં આવેલ ધરપકડ વોરંટ અને ક્રિમિનલ કાર્યવાહી પડતી મૂકવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેની ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે સુનાવણી શરુ કરી છે. પુરુષોત્તમ સોલંકી પર કથિત રુ. ૪૦૦ કરોડના મત્સ્યઉદ્યોગ કૌભાંડનો આરોપ છે. ગાંધીનગર ખાતે આવેલ ખાસ ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટ દ્વારા ૨ વર્ષ પહેલા આ મામલે કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

રાજ્યના છઝ્રમ્ ડિપાર્ટમેન્ટ દ્વારા સોંપવામા આવેલ અહેવાલના પગલે આ કેસ દાખલ થયો હતો. જેમાં તપાસ એજન્સીએ પાછળથી તત્કાલીન કેબિનેટ પ્રધાન દિલિપ સાંઘાણી અને અન્ય પાંચ ઉચ્ચ સરકારી અધિકારીઓના નામ પણ કેસમાં દાખલ કર્યા હતા. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદીના વકીલ ઈશાક મારાડિયાએ કહ્યું કે, સોલંકી વિરુદ્ધ કાર્યવાહી ગવર્નર ઓફિસની મંજરી લઈને શરુ કરવામાં આવી હતી. જસ્ટિસ પારડીવાલાએ આ કેસની આગામી સુનાવણી તા. ૧૬ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખી છે. જ્યારે જાન્યુઆરી ૨૦૧૬માં હાઈકોર્ટે સ્પેશિયલ કોર્ટ દ્વારા સોલંકી વિરુદ્ધ જાહેર કરવામાં આવેલ બિનજામીનપાત્ર વોરંટ પર સ્ટે આપી દીધો હતો. આ કેસમાં મારડિયાએ રાજ્યમાં માછીમારી માટે ગેરકાયદે કોન્ટ્રાક્ટ આપવા, સરકારની પ્રક્રિયાઓમાં અનિયમિતતા અને ગવર્નર દ્વારા ક્રિમિનલ કેસ ચલાવવાની મંજૂરી બાબતે વધુ તપાસ કરવા હાઈકોર્ટને હસ્તક્ષેપ કરવાનું કહ્યું હતું.સોલંકી પર આરોપ છે કે તેમણે કોઈપણ જાતની ટેન્ડરિંગ પ્રક્રિયા વગર કેટલાક કો-ઓપરેટિવ ગ્રુપને રાજયના ૫૮ જેટલા જળાશયોમાં માછલી પકડવાના કોન્ટ્રાક્ટ આપી દીધા હતા. જેના કારણે રાજય સરકારને રુ. ૪૦૦ કરોડનું નુકસાન થયું છે.જ્યારે સોલંકીએ પોતાના બચાવમાં કહ્યું હતું કે આ કોન્ટ્રાક્ટ રાજય સરકાર દ્વારા ગરીબ અને આદિવાસી જનજાતીઓના વિકાસ માટે બનાવવામાં આવેલ નવી પોલિસીના આધારે આપવામાં આવ્યા હતા. આ દરેક કો-ઓપરેટિવ ગ્રુપ આવા પછાત જનજાતીઓના સભ્યનું બનેલું છે.



## ભિલોડા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા આવેદનપત્ર

ભિલોડા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ ધ્વારા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.તલાટી કમ મંત્રી મંડળના હોદ્દેદારો ધ્વારા નાયબ મામલતદાર એન.એમ. ચૌધરી અને એસ.એમ.ભગોરાને આવેદનપત્ર સુપરત કરાયું હતું.રેવન્યું, મહેસુલને લગતી સંપુર્ણ કામગીરીનો બહિષ્કાર કરવા સંદર્ભે આવેદન પત્ર અપાયુ હતું.રેવન્યું-મહેસુલી કામગીરી કરવા માટે,ગ્રામ્ય કક્ષાએ ખેડુતોને પડતી મુશ્કેલીઓનો ઝડપી નિકાલ થાય તે ઉદ્દેશથી પુરતા પ્રમાણમાં મહેસુલી તલાટીની ભરતી કરવામાં આવી છે.તેઓને સેવાકીય કામગીરી ફાળવવામાં આવેલ છે.તલાટી કમ મંત્રીને સરકાર ધ્વારા નક્કી કરાયેલા નમુના નંબર.૧ થી ૩૩,જીલ્લા પંચાયત કચેરી સંલગ્ન તમામ કામગીરી કરીએ છીએ.અમો પંચાયત મંત્રી કેડરમાં ફરજ બજાવતાં હોઈ પંચાયત સિવાયની કોઈ કામગીરી મહેસુલી તલાટીઓ પાસે કરવાની થતી નથી.રેવન્યુ મહેસુલી રેકર્ડને લગતા નમુના નંબર.૧ થી ૧૮ ની કામગીરી મહેસુલી તલાટીઓ પાસેથી કરાવવા,મામલતદાર કચેરી,પ્રાંત કચેરી,કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓની તમામ કામગીરી મહેસુલી તલાટી કમ મંત્રી મંડળ ધ્વારા કરાવવા પ્રબળ લોકમાંગણી છે.તલાટી કમ મંત્રી મંડળ ધ્વારા રેવન્યું તેમજ મહેસુલને લગતી તમામ પ્રકારની કામગીરીનો સંપુર્ણ બહિષ્કાર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# કોંગ્રેસનું એલાન : રિવરફ્રન્ટ પાસેના મંદિરોનો વિકાસ કરશે

અમદાવાદ,તા.૧૦

હિન્દુત્વના નામે તરી ગયેલી ભાજપ સામે વિધાનસભા ચૂંટણીમાં જ સોફ્ટ હિન્દુત્વ અપનાવનાર કોંગ્રેસે મ્યુનિ.બોર્ડની બજેટ બેઠકમાં શાસક ભાજપને ભીંસમાં મુકવા માટે રિવરફ્રન્ટની બન્ને બાજુએ આવેલાં મંદિરો સહિતના ધર્મસ્થાનોના વિકાસ કરવા સુધારા બજેટમાં જોગવાઈ કરી છે.

મ્યુનિ.કોંગ્રેસ પક્ષનેતા દિનેશ શર્માએ જણાવ્યું હતું કે, શાસક ભાજપે રજૂ કરેલાં ૬૯૯૦ કરોડના બજેટ ઉપર કોંગ્રેસપક્ષ તરફથી ૧૫૧ કરોડનાં સુધારા બજેટ રજૂ કરવામાં આવ્યુ છે. તેની વિગતો આપતાં વિપક્ષનેતાએ શાસક ભાજપની ઝાટકણી કાઢતાં કહ્યું કે, ભાજપનાં શાસનમાં અનેક પ્રકારનાં કાંડકૌભાંડ સર્જાયા છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરીજનો માટે અમદાવાદ મુસીબત કોર્પોરેશન પૂરવાર થઈ રહ્યું છે. મ્યુનિ. વિપક્ષનેતા દિનેશ શર્માએ કહ્યું કે, સાબરમતી નદીનાં કિનારે ૫૦થી વધુ વર્ષો જુના ધાર્મિક સ્થાનો આવેલાં છે, તેનો યોગ્ય રીતે વિકાસ કરવાને બદલે ભાજપે રિવરફ્રન્ટનાં નામે જમીન આંચકી લઈ હાંસિયામાં ધકેલી દીધા છે. પહેલાં લોકો નદીકિનારાનાં મંદિરોમાંથી સીધા નદીમાં જઈ ધાર્મિક વિધી વગેરે કરી શકતા હતા, તે બધુ ભાજપે બંધ કરાવી દીધુ છે તેથી આ ધર્મસ્થાનોનાં વિકાસ માટે ૨૦ કરોડનો સુધારો બજેટમાં સૂચવીએ છીએ.

## વિગત મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેટ્રિક ટન સોનાનો જથ્થો અમેરિકાની પાસે છે. જે સૌથી જંગી જથ્થો છે. ભારતમાં ૫૫૭.૭ મેટ્રિક ટન સોનાનો જથ્થો છે. ભારતમાં સોનાના ભંડારની વાત કરવામાં આવે તો દુનિયામાં દસમાં સ્થાને છે. સોનાના ભંડાર અંગે વિગત મળ્યા બાદ સંબંધિત વિભાગના લોકો ધ્યાન આપી રહ્યા છે. આનાથી સમૃદ્ધિ વધારી દેવામાં મદદ મળી શકે છે.હાલમાં સોનાના ભંડારોના સંબંધમાં પ્રાથમિક વિગત આપવામાં આવી છે. વધુ વિગત નક્કર માહિતી મળ્યા બાદ જાહેર કરવામાં આવી શકે છે.

## સન્માન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહોંચ્યા. અહીં પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહેમૂદ અબ્બાસે પ્રોટોકોલ તોડીને તેમનું સ્વાગત કર્યું. રામલ્લાહમાં પીએમ મોદીએ સૌથી પહેલાં દિવંગત પેલેસ્ટાઈની નેતા યાસિર અરાફતની સમાધિ પર જઈ તેમને શ્રદ્ધાંજલિ આપી. આ દરમ્યાન મોદીની સાથે રાષ્ટ્રપતિ મહેમૂદ પણ હાજર રહ્યાં. ત્યારબાદ પીએમ મોદી પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા, અહીં રાષ્ટ્રપતિ મહેમૂદ અબ્બાસ એ તેમની ઔપચારિક સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ ભવનમાં પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર અપાયું

આની પહેલાં પીએમ મોદીએ રામલ્લાહ પહોંચતા જ અરબી ભાષામાં ટ્વીટ કરી. તેમણે પોતાની ટ્વીટમાં લખ્યું કે ફિલિસ્તીનની આ ઐતિહાસિક યાત્રાથી બંને દેશોની વચ્ચે સહયોગ મજબૂત થશે.

પેલેસ્ટાઈનની આઝાદીના ૩૦ વર્ષના ઈતિહાસમાં અહીં જનાર મોદી પહેલાં ભારતીય વડાપ્રધાન છે. એવામાં દુનિયાના દરેક મોર્ચા પર પેલેસ્ટાઈનની સાથે ઉભેલા ભારતીય પીએમથી આ હિંસા પ્રભાવિત દેશને ઘણી આશા અપેક્ષાઓ છે. રામલલ્લા દુનિયાની સૌથી વિવાદાસ્પદ જગ્યા જેરુસલેમથી માત્ર ૮ કિમીના અંતરે આવેલું છે.

# પાટણના સોમનાથમાં મહા શિવરાત્રિ મહોત્સવનો પ્રારંભ..!!

પાટણ,તા.૧૦

શિવરાત્રી પર્વ નિમિત્તે પ્રભાસ પાટણ સ્થિત સોમનાથ મહાદેવના સાનિધ્યમાં તા. ૧૧થી ૧૩ ફેબ્રુઆરી સુધી ત્રિદિવસીય સોમનાથ ઉત્સવ - ૨૦૧૮નું આયોજન કરાયું છે. તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ કલાકે સોમનાથ મંદિર પરિસરની બાજુમાં આવેલી ચોપાટી ખાતે આ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. રાજ્યભરની ચૂનંદા ટીમો રજૂ કરશે રાસ-ગરબા અને નૃત્ય ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, ગીર સોમનાથ તથા શ્રી સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજીત સોમનાથ ઉત્સવમાં રાસ, નૃત્ય, ભક્તિ સંગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ લોકનૃત્ય, તલવાર રાસ, અને સીદી ધમાલ નૃત્ય સહિત રાજ્યભરમાંથી ૧૫ જેટલી ટીમો રાસ-ગરબા અને નૃતય રજૂ કરશે. તા. ૧૨ ફેબ્રુ.ના રોજ તાલુકા કક્ષાની શ્રેષ્ઠ રાસ ગરબાની ૬ ટીમોની રાસ-ગરબા સ્પર્ધા તથા આર્ટિસ્ટીક યોગાસન કૃતિની પ્રસ્તુતિ થશે. સોમનાથ ઉત્સવ - ૨૦૧૮ના ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા સાંજના ૬ કલાકે સોમનાથ ચોપાટી ખાતે લોકો ઉમટી પડશે. જ્યાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા નૃત્યો અને પૌરાણીક રાસ-ગરબાના કાર્યક્રમો યોજવામાં આવશે.

# વડનગરમાં ૧૫મી સદીની શેરી મળી આવી

મહેસાણા,તા.૧૦

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ શાખાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરના ઘરની પાસેની એક શેરીના ખોદકામમાં સલ્તનતકાળનો વારસો જડી આવ્યો છે. એએસઆઈ ટીમના અધિકારીના જણાવ્યાં પ્રમાણે વડનગરની ચાર જગ્યાઓ પર ખોદકામ ચાલી રહ્યું છે જેમાં એક બ્રાહ્મણ શેરી છે. આ શેરી પીએમ મોદીના પૈતૃક નિવાસ સ્થાનની નજીકમાં જ છે. હાલ ખોદકામ ૮ મીટર ઊંડે સુધી પહોંચી ગયું છે. દરમિયાન ૬.૩ મીટરના ઊંડાણે ખોદકામ થયું ત્યારે ઈંટોની બનેલી આખી કેડી મળી આવી હતી.

એએસઆઈના ખોદકામ વિભાગ દ્વારા આ પ્રાચીન શહેરનું ખોદકામ ચાલી રહ્યું છે. આ દરમિયાન ૧૫મી સદીની એક એવી શેરી મળી આવી છે જે પાકી ઈંટોની બનેલી છે. ખોદકામના આધારે જણાવાઈ રહ્યું છે કે આ જગ્યાએ પહેલાં મોટી સડક હોઈ શકે છે. આશા જતાવવામાં આવી રહી છે કે વધુ ખોદકામ કરાય તો આનાથી પણ વધુ પહોળો રસ્તો મળી શકે છે પરંતુ ખોદકામ માટે હવે જગ્યા નથી. સંભવ છે કે ૧૫મી સદીમાં થયેલાં નિર્માણો દરમિયાન અહીંની મોટી સડકને પાતળી કેડીમાં ફેરવી નાંખી હોઈ શકે છે. ઈંટોની બનેલી કેડીની નીચે ખોદકામમાં જુદાજુદા રંગોની કાંચની બંગડીઓ, પોલિશ્ડ કરેલાં મોતી, કીમતી પથ્થરો અને કાચની અન્ય ચીજો મળી છે. આ ચીજો સલ્તનતકાલ અથવા સોલંકીકાળ સાથે સંબંધિત છે.

# બનાસકાંઠા કોંગ્રેસ વિવાદમાં સંગઠનના પ્રમુખે નેતા સામે ફરિયાદ

બનાસકાંઠા,તા.૧૦

જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી સમયે થયેલ ઘમાસણ યથાવત્ છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ સામે છેતરપિંડીની ફરિયાઈ નોંધાઈ છે. વણસોલના ફતા કરેણે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો છે. વડગામ તાલુકા પંચાયત બેઠકની ટિકિટ આપવાની શરતે રૂપિયા લીધા હોવાનો આક્ષેપ છે. કોંગ્રેસે પ્રમુખે રૂ.૨૫ હજાર લઈને ટિકિટ નહી ફાળવવાનો આક્ષેપ છે. ટિકિટ નહીં ફાળવીને લીધેલા રૂપિયા પરત ન કરતા મામલો બિચકાયો હતો. ફતા કરેણ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સંગઠનના આગેવાન છે. અગાઉ ફતાભાઈ કરેણ અને ઝાકિરૂ ચૌહાણના સંવાદની ઓડિયો કલીપ વાયરલ થઈ હતી.

## ભીષણ હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરના સમયમાં ત્રાસવાદી હિંસા જમ્મુ કાશ્મીરમાં વધી ગઈ છે. ઓપરેશન ઓલઆઉટ સેનાએ હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. જેથી તેઓ હુમલા કરી રહ્યા છે. સુત્રોએ કહ્યુ છે કે ત્રાસવાદીઓ કેમ્પના પાછળના બારણાથી પ્રવેશી ગયા હતા અને ગોળીબાર શરૂ કરી દીધો હતો. ત્રાસવાદી જવાનો અને તેમના પરિવારના સભ્યોને ટાર્ગેટ બનાવવાના ઈરાદાથી ઘુસી ગયા હતા. જો કે તેમાં તેમને સફળતા મળી ન હતી. વહેલી પરોઢે કરવામાં આવેલા આ હુમલામાં ત્રાસવાદીઓ સેનાને કોઈ વધારે નુકસાન પહોંચાડી શક્યા ન હતા. જો કે આ હુમલામાં એક હવલદાર અને તેમની પુત્રી સહિત ચાર લોકો ઘાયલ થયા હતા. ત્રાસવાદી હુમલા બાદ ભારતીય સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને તીવ્ર ઓપરેશન હાથ ધર્યુ હતુ. સમગ્ર વિસ્તારમાં ડ્રોન મારફતે પણ નજર રાખવામાં આવી હતી. સુરક્ષા જવાનો હુમલો કરવામાં આવ્યા બાદ કેમ્પની અંદર વ્યાપક શોધખોળમાં લાગી ગયા હતા. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી હતી.

## હજુ ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ કે છાંટા થવાની શક્યતા છે. ફેબ્રુઆરી તા. ૧૭થી ૨૦માં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાના લીધે જમ્મુ-કાશ્મીરના ભાગો, પંજાબના ભાગો તેમજ દેશના વાયવ્ય ભાગનું હવામાન કથળે. સિંધ, પાકિસ્તાન, જમ્મુ-કાશ્મીરના ભાગોમાં વાદળવાયુ કે કમોસમી વરસાદ થવાની શક્યતા છે. તા. ૧૯થી ૨૧માં ગુજરાતના ભાગોમાં પવન ફૂંકાવાની શક્યતા રહેશે. હવામાન વાદળવાયુ કે ધુંધળુ જણાય. જ્યારે પશ્ચિમી વિક્ષોપની અસરનો બીજો તબક્કો તા. ૨૩ ફેબ્રુઆરીથી આવવાની શક્યતા છે. તા. ૧૯ ફેબ્રુઆરી બાદ ગરમી વધતાં ઉનાળુ બાજરીના પાકના વાવેતર માટે હવામાન સાનુકૂળ રહેશે. તેમજ અન્ય ઉનાળુ પાકની વાવણી અંગે હવામાનમાં ઉષ્ણતા વધતાં સાનુકૂળતા જણાય. પરંતુ ફેબ્રુઆરી માસમાં ધીરે ધીરે ગરમી વધતાં અને વાદળવાયુની વિષમ હવામાનની અસરથી ઉભા કૃષિપાકોમાં રોગ જીવાતના ઉપદ્રવની શક્યતા છે.

# સેના ત્રાસવાદીઓને યોગ્ય જવાબ હાલમાં આપી રહી છે : રાજનાથ સિંહ

અમદાવાદ,તા. ૧૦

કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે કહ્યુ હતુ કે ભારતીય સેના ત્રાસવાદીઓને રાખીને બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા.કેન્દ્રિય ગૃહ મંત્રાલયની સ્થિતી પર ચાંપતી નજર હોવાની ખાતરી રાજનાથ સિંહે ધરવામાં આવ્યુ હતુ. જેના ભાગરૂપે ચારેબાજુ ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ ચાલી રહી છે. કમાન્ડો પણ મેદાનમાં ઉતરી ગયા



યોગ્ય જવાબ આપી રહી છે. જેથી કોઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ભારતીય સેના ક્યારેય કોઈ ભારતીયનુ શરમથી માથુ ઝુંકવા દેશે નહી. સેના જોરદાર ઓપરેશન ચલાવી રહી છે. સિંહે અમદાવાદમાં એક કાર્યક્રમ બાદ કહ્યુ હતુ કે હાલમાં હુમલાના સ્થળ પર ઓપરેશન ચાલી રહ્યુ છે જેથી તેમની ટિપ્પણી હાલના તબક્કામાં યોગ્ય રહેશે નહીં. બીજી બાજુ મોડી સાંજે સેનાએ ઓપરેશન જારી આપી હતી. અત્રે નોંધનીય છે કે જમ્મુ-પઠાણકોટ માર્ગ પર સુંજુવાનમાં આર્મી કેમ્પ પર આજે વહેલી પરોઢે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સેનાના બે જવાન શહીદ થયા હતા અને અન્ય છ ઘાયલ થયા હતા. ત્રાસવાદી હુમલામાં જેસીઓ મોહમ્મદ અશરફ મીર અને મદનલાલ શહીદ થયા હતા. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ મોટા પાયે ઓપરેશન હાથ છે. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી હતી. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ જમ્મુ શહેરમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. રાજનાથ સિંહ અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ફોરેન્સિક બેઠકમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. આતંકવાદી હુમલો કરવામાં આવ્યો બાદ રાજનાથ સિંહે કહ્યું હતું કે, ઓપરેશન જારી હોવાથી પ્રતિક્રિયા યોગ્ય રહેશે નહીં.

# ફોરેન્સિક નિષ્ણાતોની ગુનાને શોધવામાં ચાવીરૂપ ભૂમિકા

## યુનિવર્સિટીઓએ ફોરેન્સિક વિષયમાં સમાન અભ્યાસક્રમ મારફતે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જોઈએ : ગૃહ પ્રધાન

અમદાવાદ,તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહ જણાવ્યું હતું કે, ગુનો ઉકેલાઈ જવાનો ભય જ ગુનાના નિયંત્રણ માટે મહત્વની ભૂમિકા ભજવે છે. આથી ફોરેન્સિક નિષ્ણાંતો ગુનાઓની શોધ, તેની તપાસમાં અને ગુનેગારોની ઓળખમાં મહત્વની ભૂમિકા ભજવીને ગુનેગારોની ગૂનો કરવા માટે હતોત્સાહિત કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે યુનિવર્સિટીઓએ ફોરેન્સિક વિષયમાં સમાન અભ્યાસક્રમ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું જોઈએ. સિંહ આજે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ૨૪મી ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સને સંબોધન કરી રહ્યા હતા. આર્ટિફિશ્યલ, બ્લોકચેઈન ટેકનોલોજી, ક્લાઉડ કોમ્પ્યુટીંગ, થ્રીડી પ્રિન્ટીંગ, રોબોટિક્સ અને ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ જેવી નવી ટેકનોલોજીને કારણે ઉભા થયેલા નવા સલામતી પડકારો અંગે ચિંતા વ્યક્ત કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, ફોરેન્સિક નિષ્ણાંતોએ પડકારોનું તકોમાં પરિવર્તન કરવું જોઈએ. પરંપરાગત પોલીસ વ્યવસ્થા સાયબર સ્પેસના ગુનાઓના નિયંત્રણ માટે પુરતી નથી તેમ જણાવતા મંત્રી ઉમેર્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ એ સાયબર સ્પેસમાં ખુબ જ ઉપયોગી નિવડી શકે તેમ છે. તેમણે જણાવ્યું કે આધુનિક સમયમાં સાયબર ફોરેન્સિક ક્ષમતા વધારવાની જરૂરિયાત છે. અમે મહિલાઓ અને બાળકો સામેના સાયબર ગુનાઓની નોંધણી માટે સાયબર ક્રાઈમ્સ રિપોર્ટ પોર્ટલ ઉભુ કરવાનો નિર્ણય કર્યો છે. આવા ગુનાઓને અટકાવવા એક સમર્પિત સાયબર ક્રાઈમ લેબ ઉભી કરવામાં આવશે. તેમ મંત્રીએ જણાવ્યું હતું. સિંહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગુના નિયંત્રણ માટે જંગી માલખાકીય સુવિધાઓનો વિકાસ કરવાની તૈયારી કરી રહી છે. તેમણે ઉમેર્યું અમે ક્રાઈમ અને ક્રિમીનલ ટ્રેકીંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ ઉભી કરી છે. આ કેન્દ્રીય ડેટા બેઝને અદાલતો અને ફોરેન્સિક લેબોરેટરીઓ સાથે જોડીને આપણે આંતર સંચાલિત ગુનાહિત ન્યાય વ્યવસ્થાની રચના કરીશું. મંત્રીએ જણાવ્યું કે પોલીસ દળને ફોરેન્સિક અંગે જાગૃત કરવાની જરૂર છે. તેમને ફોરન્સીક અંગે યોગ્ય તાલીમ આપવી જોઈએ. તેમણે કહ્યું હતં કે ખાસ કરીને તપાસ અધિકારીઓએ તેમનું ફોરેન્સિક અંગેનું જ્ઞાન સમયાંતરે વધારવું જોઈએ.




## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

મળેલું છે. તો વળી મારવાડી સમ્મેલન - મુંબઈ તરફથી - ઘનશ્યામદાસ સરાફ પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમીના - ગાંધીનગરના સાત પુરસ્કાર જ્યારે ગુજરાત સાહિત્ય પરિષદના બે પુરસ્કાર, નર્મદ ચન્દ્રક અને ટૂંકીવાર્તા ક્ષેત્રનું પ્રતિષ્ઠિત કેતન મુનશી પારિતોષિક પણ આ સર્જકને મળેલું છે. તો વળી એમને એમના એક વાર્તાસંગ્રહ માટે સરોજ પાઠક પારિતોષિક પણ મળેલું છે. સાહિત્ય સંગમનો - દયાનંદ એવોર્ડ, સંસ્કાર ચન્દ્રક એવોર્ડ, યુનો સંલગ્ન આંતર રાષ્ટ્રીય સંસ્થા દ્વારા રવીન્દ્રનાથ ટાગોર એવોર્ડ પણ એમને મળેલા છે.

ડૉ કેશુભાઈ દેસાઈની સૌથી મોટી ગમવા જેવી વાત હોય તો એ એ છે કે તેઓ જેટલા ઊંચા ગજાના સર્જક છે તેટલા જ ઊંચા ગજાના સારા માણસ પણ છે. કોઈપણ પ્રકારના દંભ કે આડંબર વિના સૌ કોઈ નાના મોટા સર્જકોને તેઓ સાવ સરળતાથી અને સહજતાથી મળે છે ત્યારે નવોદિત સર્જકો ઘણી વખત તો આશ્ચર્યમાં મુકાય જાય છે કેમ કે અન્ય સર્જકોને મળતી વખતે તેમને થયેલા અનુભવોથી બાંધેલી ધારણા અહીં સાવ ઊલટી પડે છે. આ પણ તેમના વ્યક્તિત્વનું એક પ્રેરણાત્મક પાસુ છે.

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

ઉપલબ્ધ છે જે જીણી અને જાડી બંને સાઈઝોમાં મળે છે તો વધુ મોણ નાખીને બનાવેલા ‘ ચંપાકલી’ અને લાંબી સેવો જેવા જાડા ‘તીખા ગાંઠીયા’ પણ ગાંઠીયા પરિવારના જ સભ્ય છે...! ફાફડા અને વણેલા સિવાયના ગાંઠીયા ઠંડા હોય તો પણ ચાલે ...!!! કેમકે આ બંને સિવાયના જે લખ્યા છે એ ગાંઠીયાઓ લગભગ ગુજરાતી રસોડામાં બનતા ક્વિક અને ઈઝી ‘ગાંઠિયાનું શાક’ કે પછી ભાવનગરના પ્રખ્યાત ‘પાવ-ગાંઠીયા’ કે રાજકોટના ફેમસ ‘તીખા-મોરા’ જેવી ડીશો બનાવવામાં વપરાય છે..!

હવે રહી વાત ‘મેરા ફાફડા અને તુમ્હારે ફાફડા’ ની તો અમદાવાદમાં મળતા ફાફડા અને સૌરાષ્ટ્રમાં મળતા ફાફડામાં બેઝીક તફાવત જાડાઈનો છે અને રહેવાનો કેમકે પ્રદેશ બદલાય એમ એમ વાનગીનું સ્વરૂપ બદલાય એ હકીકત છે અને સાથે સાથે બીજો તફાવત અમદાવાદમાં ફાફડા સાથે મળતી કઢી અને સૌરાષ્ટ્રમાં ફાફડા સાથે મળતા મરચા-સંભારો-દહીં જેવા લટકણીયાનો છે તો એના વિષે તો એટલુ જ કહેવું રહ્યું કે અમદાવાદમા ગોટા હોય કે ફાફડા કે દાળવડા હોય કે ખમણ બધા સાથે કઢી જ પીરસાય છે , હા મરચા બંને સાઈડ કોમન ખરા !!! અમદાવાદીઓ સોમનાથ-રાજકોટ કે જામનગર બાજુ જાય ત્યારે ત્યાના ફાફડા દબાવીને ખાય જ છે અને એ જ કાઠીયાવાડીઓ અમદાવાદમાં ‘અમદાવાદી ફાફડા’ પણ ખાય જ છે ...! જો ભાઈઓ સ્થળ અને પ્રદેશ બદલાય તો ટેસ્ટમાં અને સ્વાદમાં એટલા ચેન્જ તો રહેંગા હી ક્યાઆઆઆ ...! ઓથેન્ટિક વાનગીઓ જે તે પ્રદેશમાં જ મળવાની... રાજકોટમાં આ અમદાવાદી ફાફડા ગોત્યા’ય ન મળે પણ હા અમદાવાદમાં ‘અસલ કાઠીયાવાડી ગાંઠિયા’ અવેલેબલ છે જ...! યુ કેન કમ્પેર ... પણ એ પહેલા બંને ખાવા પડે..! અને જે શ્રેષ્ઠ છે એને વખાણવા પણ પડે જ ....! એન્ડ ઈટ્સ રાઈટીંગ ઓન ધ વોલ કે અસલ ફાફડા કે ગાંઠિયા તો સૌરાષ્ટ્ર જેવા ક્યાય મળે નહિ ... નહિ ને નહિ જ..! ખોટું લાગે તો પચ્ચા ગાંઠીયા ખાઈ લેવાના શું ...! ઈતિ સિધ્ધમ...!

## શિલાન્યાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર અબુ મુરૈબાહ ખાતે નિર્માણ પામશે. આ પ્રસંગે દુબઈ ઓપેરા ખાતેના વ્યાપારી અગ્રણીઓ સહિત અનેક ક્ષેત્રોના ૨ હજારથી વધુ મહાનુભાવો ઉપસ્થિત રહેશે. યુએઈના સ્થાનિક સમય અનુસાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન આ ભૂમિપૂજન યોજાશે જેનું જીવંત પ્રસારણ દુબઈના ઓપેરા હાઉસ ખાતે કરાશે. આ ભૂમિપૂજન માટે બીએપીએસ સંસ્થાના પૂ. ઈશ્વરચરણદાસજી તથા પૂ. બ્રહ્મવિહારી દાસજી સહિત અન્ય સંતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે. ગત વર્ષ ૨૦૧૫માં તા. ૧૭મી ઓગષ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએઈની મુલાકાત દરમ્યાન આ પ્રથમ હિન્દુ મંદિર માટે જમીન ફાળવણીની દુબઈના કાઉન પ્રિન્સે જાહેરાત કરી હતી.